પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ – ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૪/કવા–૦૧/૧૮–૧૯/ 5860 - 2     તા. 6-7-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
નાથાભાઈ કેશાભાઈ સોરઠીયા,
રાજેશભાઈ નાથાભાઈ સોરઠીયા
ભોજલરામ સોસાયટી શેરી નં.–૬
મવડી, રાજકોટ
મો: ૯૯૭૯૯ ૦૭૪૪૩

વિષય :–ખેત જોડાણ શીફટીગ બાબત
સંદર્ભ:– આપની અરજી તા. ૨૩–૦૫–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૪/કવા–૦૧/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

…. સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, રીબડી / લોધીકા

D:\6 CIRCLE Q-04 13-14 CIRCLES APPLICATION\TOTAL DATA\MASTER\app forward to concern ce and se for resolve grievance -1.doc
# - LINE1441 - 1441

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૪૪/ક્વા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૯–૦૬–૧૮ | સ્થળ : રાજકોટ |

પક્ષકાર નં. :–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: નાથાભાઈ કેશાભાઈ સોરઠીયા, ગામ: મવડી

રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પુત્ર રાજેશભાઈ નાથાભાઈ સોરઠીયા હાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં. :–(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, રોણકી (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા— કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

---

## : હુકમ :

---

ફરીયાદ : ખેત જોડાણ શીફટીગ બાબત

**મુદ્દા નં.–૧ :** પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓનુ ખેતીવાડી વીજજોડાણ મવડી–૩ ગામે આવેલ છે, જેના સર્વે નંબર: ૩૦૧/૪ છે. આ જમીન તેઓએ બીન ખેતી કરતા પાળ ગામે આવેલ તેઓની માલીકીની જમીન સર્વે ૧૭૭ પૈકી ૧ મા શીફટીગ કરવાનુ છે. જે માટે તેઓએ રૂ.૫૪,૬૫૦/– રસીદ નંબર: ૨૬૨૩૫૭ તા.૦૬–૦૬–૧૬ થી ભરપાઈ કરી આપેલ છે. તેમજ, દર વર્ષે આપવામા આવતુ વીજબીલ પણ ભરપાઈ કરી અપાયેલ છે. સદર બાબતે પેટા વીભાગીય કચેરી, રોણકી અને લોધીકા એ – અવાર–નવાર રજુઆત કરેલ હોય – તેમ છતા, આજદિન સુધી જોડાણ ને શીફટીગ કરાયેલ ન હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ :** પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે |
| ૨.૧ | • અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, સદર ગ્રાહકશ્રી નાથાભાઈ કેશાભાઈ સોરઠીયાએ ખેતીવાડી વીજ જોડાણ રોણકી પે.વી.ક.ના મવડી-૩ ગામના સર્વે નંબર ૩૦૧/૪ માં ગ્રાહક નંબર ૮૯૭૦૮/૨૦૦૪૪/૧ થી કેશાભાઈ નાનજીભાઈના નામે આવેલ છે.<br>• સર્વે નંબર ૩૦૧/૪ બિનખેતી થતા સદર વીજ જોડાણ ગ્રાહકની માલિકીના જે તે સમયે લોધીકા પેટા વિભાગીય કચેરી હેઠળ પાળ ગામના સર્વે નંબર ૧૭૭/૧ વાળી જમીનમાં શીફ્ટીંગ કરવા માટે જરૂરી રજીસ્ટ્રેશન ચાર્જ રસીદ નંબર ૨૬૩૩૦૯ તા ૧૬.૦૬.૨૦૧૬ થી રોણકી પેટા વિભાગીય કચેરીમાં ભરપાઈ કરેલ. જેના અનુસંધાને રોણકી પે.વી.ક. દ્વારા સદર અરજદારનાં શીફ્ટીંગની પ્રપોઝલ ઓરીજનલ કેસ ફાઈલ સાથે જાવક નંબર નાઈ/આર.એન.એસ.ડી./ટેક/૪૩૩૫ તા.૨૭.૦૬.૨૦૧૬ થી રાજકોટ રૂરલ ડીવીઝનને મંજુરી અર્થે મોકલાવેલ.<br>• ત્યારબાદ વિભાગીય કચેરી દ્વારા કેસ ફાઈલમાં જોડેલ દસ્તાવેજો ચકાસતા તેમાં ક્ષતી માલુમ પડેલ અને આ ક્ષતીની વિગત કેસ ફાઈલના પુઠામાં લખેલ અને આ ઓરીજનલ કેસ ફાઈલ |

| | |
|---|---|
| | રોણકી પે.વી.ક.ને પત્ર નંબર આર.આર.ડી./રેવ./૧૧૧૭૦ તા. ૧૪.૦૭.૨૦૧૬ થી પરત મોકલેલ ત્યારબાદ રોણકી પે.વી.ક. નાં રેકોર્ડ મુજબ સદર કેસ ફાઈલ પ્રપોઝલ સાથે રોણકી પે.વી.ક.નાં પત્ર નંબર ડીઇ/આર.એન.એસ.ડી./ટેક/૪૭૩૧ તા. ૧૬.૦૭.૨૦૧૬ નાં રોજ લોધિકા પેટા વિભાગીય કચેરીમાં જરૂરી આગળની કાર્યવાહી અર્થે મોકલેલ.<br>▪ હાલ લોધીકા પે.વી.ક.ના નાયબ ઈજનેરને સદર બાબતે પૂછપરછ કરતા તેઓ જણાવે છે કે, સદર અરજીને લગતા કેસનાં દસ્તાવેજો કે શીફ્ટીંગ કરવા માટેની કાર્યવાહીના જરૂરી કોઈ દસ્તાવેજો લોધીકા પે.વી.ક.માં ઉપલબ્ધ નથી જેથી કરીને સદર બાબતે અત્રેની વિભાગીય કચેરી દ્વારા લોધીકા પે.વી.ક.માં જે તે સમયનાં નાયબ ઈજનેરને ખાનગી પત્ર નંબર આર.આર.ડી./ઇઇ/૧૭૬ તા. ૨૭.૦૬.૨૦૧૮ થી ખુલાસો પૂછવામાં આવેલ છે જેની નકલ આ સાથે સામેલ છે. આમ, અરજદારનાં વીજ જોડાણનું શીફ્ટીંગ શા કારણે થઇ શકેલ નથી તેની માહિતી હાલ ઉપલબ્ધ નથી.<br>• ત્યારબાદ સદર અરજદાર દ્વારા તારીખ. ૨૩.૦૫.૧૮ ના રોજ ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રમાં સદર બાબતે અરજી કરતા રોણકી પે.વી.ક. દ્વારા સદર અરજદારને નવા જરૂરી દસ્તાવેજો જેવા કે ૭-૧૨,૮-અ, હકકપત્રક-૬ વગેરે રજુ કરવા જણાવેલ જેથી અરજદાર દ્વારા જૂની જગ્યાએ જ્યાં વીજ કનેક્શન હયાત છે અને જે જગ્યાએ વીજ કનેક્શન શીફ્ટ કરવું છે તે બન્ને સર્વે નંબરના આધાર પુરાવા રજુ કરેલ.<br>• પરંતુ તેમાં ઘટતા દસ્તાવેજો રજુ કરવાં અંગે સદર અરજદારને રોણકી પે.વી.ક. દ્વારા પત્ર નંબર નાઈ/આર.એન.એસ.ડી./ટેક/૭૦૪૭ તા. ૨૫.૦૬.૨૦૧૮ થી જણાવેલ છે અને આ ઘટતા દસ્તાવેજો અરજદાર રજુ કરશે ત્યારબાદ સદર બાબતે શીફ્ટીંગ અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને વધુમાં જણાવવાનું કે, વડી કચેરી તરફથી સદર વીજ કનેક્શન માટે શીફ્ટીંગની જરૂરી મંજુરી લેવામાં આવશે અને વડી કચેરી દ્વારા શીફ્ટીંગ માટે મંજુરી આપ્યા બાદ અરજદારશ્રીનાં વીજ કનેક્શનને શીફ્ટ કરવામાં આવશે |

**<u>મુદદા ન.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | • (૧) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર મવડી ગામે – ૦૫ હોપા નુ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૯૭૦૮/૨૦૦૪૪/૧ રોણકી પેટા વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે<br>• (૨) ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ ના પત્ર નં.–૯૧૩૧ તા.૦૭–૦૬–૧૬ મુજબ – અરજદાર દ્વારા – મવડી-૩ ગામના સર્વે નંબર ૩૦૧/૪ માં જમીન ચો.મી. ૯૦૧૩–૦૦ ને પરવપરાશ ના હેતુ માટે ની અરજી ના અનુસંધાને – સદર વીજજોડાણ ને શીફટીગ માટે ના ભાવપત્રક ના નાણા અરજદાર દ્વારા રૂ.૫૪,૬૫૦/– રસીદ નંબર: ૨૬૨૩૫૭ તા.૦૬–૦૬–૧૬ થી ભરપાઈ કરી આપેલ છે. જે શીફટીગ નુ કામ સમયમર્યાદા મા પૂર્ણ થયે સદર સવાલવાળી જમીન ને રહેણાંક ના હેતુ માટે બીનખેતી મા ફેરવવા મા આવે તો – સદર વિભાગીય કચેરી ને કોઈપણ જાતનો વાંધો કે તકરાર નથી. |

- (૩) સર્વે નંબર ૩૦૧/૪ બિનખેતી થતા સદર વીજ જોડાણ ગ્રાહકની માલિકીના જે તે સમયે લોધીકા પેટા વિભાગીય કચેરી હેઠળ પાળ ગામના સર્વે નંબર ૧૭૭/૧ વાળી જમીનમાં શીફ્ટીંગ કરવાં માટે જરૂરી રજીસ્ટ્રેશન ચાર્જ રસીદ નંબર ૨૬૩૩૦૯ તા. ૧૬.૦૬.૨૦૧૬ થી રીણકી પેટા વિભાગીય કચેરીમાં ભરપાઈ કરેલ જેના અનુસંધાને રીણકી પે.વી.ક. દ્વારા સદર અરજદારનાં શીફ્ટીંગની પ્રપોઝલ ઓરીજનલ કેસ ફાઈલ સાથે જાવક નંબર નાઈ/આર.એન.એસ.ડી./ટેક/૪૩૩૫ તા.૨૭.૦૬.૨૦૧૬ થી રાજકોટ રૂરલ ડીવીઝનને મંજુરી અર્થે મોકલાવેલ જેમાં દસ્તાવેજો ચકાસતા તેમાં ક્ષતી માલુમ પડેલ અને આ ક્ષતીની પૂર્તિ માટે ઓરીજનલ કેસ ફાઈલ રીણકી પે.વી.ક.ને પત્ર નંબર આર.અર.ડી./રેવ./૧૧૧૭૦ તા. ૧૪.૦૭.૨૦૧૬ થી પરત મોકલેલ ત્યારબાદ રીણકી પે.વી.ક. નાં રેકોર્ડ મુજબ સદર કેસ ફાઈલ પ્રપોઝલ સાથે રીણકી પે.વી.ક.નાં પત્ર નંબર ડીઇ/આર.એન.એસ.ડી./ટેક/૪૭૩૧ તા. ૧૬.૦૭.૨૦૧૬ નાં રોજ લોધિકા પેટા વિભાગીય કચેરીમાં જરૂરી આગળની કાર્યવાહી અર્થે મોકલેલ.
- (૪) સદર અરજીને લગતી કાર્યવાહી બાબતે તપાસ કરતા કેઈસ ફાઈલ લોધીકા પે.વી.ક.માં ઉપલબ્ધ નથી જેથી કરીને સદર બાબતે અત્રેની વિભાગીય કચેરી દ્વારા લોધીકા પે.વી.ક.માં જે તે સમયનાં નાયબ ઈજનેરને ખાનગી પત્ર નંબર આર.આર.ડી./ઈઈ/૧૭૬ તા. ૨૭.૦૬.૨૦૧૮ થી ખુલાસો પૂછવામાં આવેલ છે આમ, અરજદારનાં વીજજોડાણનું શીફ્ટીંગ શાકારણે થઇ શકેલ નથી, તેની માહિતી હાલઉપલબ્ધ નથી.
- (૫) ત્યારબાદ ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રમાં સદર અરજી બાબતે - રીણકી પે.વી.ક. દ્વારા સદર અરજદારને નવા જરૂરી દસ્તાવેજો જેવા કે ૭-૧૨,૮-અ, હકકપત્રક-૬ વગેરે.. રજું કરવા જણાવેલ જેથી અરજંદાર દ્વારા જૂની જગ્યાએ જ્યાં વીજ કનેક્શન હયાત છે અને જે જગ્યાએ વીજ કનેક્શન શીફ્ટ કરવું છે તે બને સર્વે નંબરના આધાર પુરાવા રજુ કરેલ. પરંતુ તેમાં ઘટતા દસ્તાવેજો રજુ કરવાં અંગે સદર અરજદારને રીણકી પે.વી.ક. દ્વારા પત્ર નંબર નાઈ/આર.એન.એસ.ડી./ટેક/૭૦૪૭ તા. ૨૫.૦૬.૨૦૧૮ થી જણાવેલ છે અને આ ઘટતા દસ્તાવેજો અરજદાર રજું કરશે ત્યારબાદ સદર બાબતે શીફ્ટીંગ અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- **(૬) ઉપરોકત મુદ્દા ને ધ્યાન મા લેતા – અરજદાર ની ખેતીવાડી વીજજોડાણ ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – નિયમાધીન કાર્યવાહી – જે તે સમયે થયેલ ન હોય – જે ખૂબજ ગંભીર બાબત હોય – તેમજ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદાર ને યોગ્ય જાણકારી – યોગ્ય સમયે અપાયેલ હોત તો – સદર ફરીયાદ ઉપસ્થિત થવા પામત નહી. આમ, કસુરવાર સબંધિત કર્મચારીને યોગ્ય શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે સુચિત કરવામા આવે છે. તેમજ – પેટા વિભાગીમ કચેરી – રીણકી દ્વારા પત્ર તા.૨૫.૦૬.૨૦૧૮ મા જણાવ્યા મુજબ – અરજદારે સત્વરે ઘટતા આધાર–પુરાવા / દસ્તાવેજીક પેપર્સ રજુ કરવા – જે રજુ થયે કંપની ના નિયમ મુજબ – આગળ ની કાર્યવાહી સત્વરે હાથ ધરી અને પૂર્ણ કરવી – તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.**

**<u>મુદ્દા નં.–૪</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| **<u>૪.૧</u>** | **સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ ના પેટા મુદ્દા નં. (૬) મુજબ ની વિગતેની કાર્યવાહી કરવા બાબતે ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે.** |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એન.ડી.ધાધલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ: જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સંબંધિત હોય તો, સદર રકમ ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.